# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૨૩/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતની ઈનોવેટીવ ટેકનોલોજીને થાઈલેન્ડમાં અપનાવવા માટે પ્રમોટ કરાશે

**<u>થાઈલેન્ડથી બિઝનેસ ડેલીગેશન ચેમ્બરની મુલાકાતે, ઈનોવેટીવ ટેકનોલોજી આપવા અનુરોધ કરી ગુજરાત ટુરીઝમને પણ થાઈલેન્ડમાં પ્રમોટ કરાશે તેમ કોન્સુલ જનરલે જણાવ્યું</u>**

**સુરત.** મુંબઇ સ્થિત રોયલ થાઇ કોન્સ્યુલેટ જનરલના કોન્સુલ જનરલ થાનાવત સિરીકુલ, ડેપ્યુટી કોન્સુલ જનરલ નાત્તાસુલા મેટ્ટાપ્રસર્ત અને ઇન્વેસ્ટમેન્ટ ડાયરેકટર એન્ડ કોન્સુલ નાન્થાપોલ સુદબન્થાડ સહિત થાઇલેન્ડથી પાંચ જણાનું બિઝનેસ ડેલીગેશને ગુરૂવાર, તા. ૨૨ જુલાઇ ૨૦૨૧ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી.

થાઈલેન્ડ સરકાર દ્વારા જૂન ૨૦૨૧માં ઈન્ડિયા – થાઈલેન્ડ જ્વેલરી કલસ્ટર પ્રોગ્રામ બનાવવામાં આવ્યો છે. જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી પણ થાઈલેન્ડની સાથે પાર્ટનર બન્યું છે. આ પ્રોગ્રામને ડેવલપ કરવા માટે થાઈલેન્ડથી બિઝનેસ ડેલીગેશન સુરત આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ થાઈલેન્ડના બિઝનેસ ડેલીગેશનને આવકાર આપી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ડાયમંડ અને ટેકસટાઇલ સહિતની વિવિધ ઇન્ડસ્ટ્રીમાં થયેલા ડેવલપમેન્ટ અને ઇન્ફ્રાસ્ટ્રકચર

વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે સુરત ડાયમંડ બુર્સ તથા દક્ષિણ ગુજરાતમાં વિકાસ પામેલી ઇનોવેટીવ ટેકનોલોજીથી તેઓને માહિતગાર કર્યા હતા.

થાઇલેન્ડના મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ થાનાવત સિરીકુલે જણાવ્યું હતું કે, સુરત ડાયનામિક સિટી છે અને દિવસે ન દિવસ વિકાસની દિશામાં ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. આથી સુરત સહિત દક્ષિણ ગુજરાતની ઇનોવેટીવ ટેકનોલોજીને થાઇલેન્ડ દ્વારા અપનાવવામાં આવશે. આ ઇનોવેટીવ ટેકનોલોજીને થાઇલેન્ડમાં પ્રમોટ કરવા માટે તેમણે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગપતિઓના એક ડેલીગેશનને થાઇલેન્ડ લાવવા માટે ચેમ્બરને આમંત્રણ આપ્યું હતું.

થાઇલેન્ડની વિવિધ કંપનીઓને ચેમ્બર દ્વારા દક્ષિણ ગુજરાતમાં પ્લેટફોર્મ આપવામાં આવે તેમજ થાઇલેન્ડના ટુરીઝમ સેકટરને પ્રમોટ કરવામાં આવે તેવો અનુરોધ પણ તેમણે ચેમ્બરને કર્યો હતો. તેમણે ચેમ્બર દ્વારા યોજાતા સ્પાર્કલ એકઝીબીશન અને ઓટો એક્ષ્પોમાં ભાગ લેવા માટે પણ રસ દાખવ્યો હતો.

ચેમ્બર દ્વારા તેઓને થાઇલેન્ડમાં ગુજરાતના ટુરીઝમને પ્રમોટ કરવા માટે જણાવવામાં આવ્યું હતું. જે અંગે તેઓએ જણાવ્યું હતું કે, થાઇલેન્ડમાં તેમના દ્વારા ગુજરાત ટુરીઝમને પ્રમોટ કરવામાં આવશે. તેમણે કહયું કે, સંભવતઃ ઓગષ્ટ ૨૦૨૧માં નવી દિલ્હી સ્થિત થાઇલેન્ડ એમ્બેસેડર ઓફ ઇન્ડિયા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને મળવા માટે આવવાના છે. તે સમયે તેઓ ચેમ્બરની પણ મુલાકાત લઇ શકે છે.

આ મિટીગમાં ચેમ્બરના ઇલેકટ પ્રેસિડન્ટ આશિષ ગુજરાતી, ઇલેકટ વાઇસ પ્રેસિડન્ટ હિમાંશુ બોડાવાલા, માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી, ભૂતપૂર્વ પ્રમુખ રોહિત મહેતા, ગૃપ ચેરમેન રાકેશ ગાંધી, ચેમ્બરની ઇન્ટરનેશનલ બિઝનેસ ડેલીગેશન / કોન્સ્યુલેટ લાયઝન કમિટીના ચેરમેન પીયુષ પટેલ તથા કો–ચેરમેન હર્ષલ ભગત અને ટુર્સ એન્ડ ટ્રાવેલ કમિટીના કો–ચેરમેન વિનસ શાહ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહયા હતા.

મિટીગ બાદ થાઇલેન્ડના બિઝનેસ ડેલીગેશને ચેમ્બરના એકઝીબીશન સેન્ટરની પણ મુલાકાત લીધી હતી.